જોખમી દેશમાંથી આવેલા લોકોનો પત્તો લાગતો ન હોવાથી ચિંતામાં થયો વધારો

અનેક જણના ફોન નોટ-રિચેબલ

મુંબઈઃ રાજ્યમાં કોરોનાના નવા વેરિયન્ટ ઓમાઇક્રોનની દહેશત છે ત્યારે મહારાષ્ટ્રમાં વિવિધ ભાગમાંથી આવેલા અનેક પ્રવાસીઓનો કોઇ પત્તો નથી, એમ રાજ્યના આરોગ્ય વિભાગ તરફથી જણાવાયું છે. ખાસ કરીને ગુમ થયેલા આ બધા પ્રવાસીઓ જોખમી દેશોમાંથી મુંબઈમાં આવ્યા છે.

દેશમાં ઓમાઇક્રોનનો પ્રથમ દર્દી કર્ણાટકમાં મળી આવ્યો હતો. ત્યાર બાદ ઓમાઇક્રોનનો ચેપ લાગ્યો હોય એવા લોકોની સંખ્યા દેશમાં ૨૩ પર પહોંચી હતી. આમાંથી સૌથી વધુ ૧૦ દર્દી ફક્ત મહારાષ્ટ્રમાં છે.

મુંબઈમાં સોમવારે નવા બે દર્દી મળી આવ્યા બાદ રાજ્યમાં ઓમાઇક્રોનના દર્દીઓની કુલ સંખ્યા ૧૦ થઇ હતી. પિંપરી-ચિંચવડમાં એક જ કુટુંબમાં છ દર્દી મળી આવ્યા છે. મુંબઈમાં બે દર્દી મળી આવ્યા છે જેમાં એક પુરુષ અને એક મહિલાનો સમાવેશ થાય છે જ્યારે ડોંબિવલી અને પુણેમાં એક-એક દર્દી છે.

વિશ્વભરમાં ઓમાઇક્રોનનું જોખમ વધતા ઘણા લોકો પોતાના દેશમાં પાછા ફરી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસમાં અનેક પ્રવાસી ભારતમાં પાછા ફર્યા છે, પરંતુ આમાંથી અનેક પ્રવાસીનો પત્તો લાગી રહ્યો નથી અને અનેકનો ફોન નોટ-રિચેબલ આવી રહ્યો છે.

નાગપુરમાં સૌથી વધુ જોખમી દેશમાંથી આવેલા ૩૦ પ્રવાસી ગાયબ છે.

(જુઓ પાનું ૪) ▸▸

મુંબઈને હાશકારો!

કોરોનાગ્રસ્ત વિદેશી પ્રવાસીના સંપર્કમાં આવેલા ૩૧૪ નેગેટિવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કોરોનાના નવા વેરિયન્ટ 'ઓમાઈક્રોન'ના બે દર્દી મુંબઈમાં મળી આવતા મુંબઈ મહાનગરપાલિકાની ચિંતામાં વધારો થયો છે. જોકે આ બે દર્દીના નજીકના સંપર્કમાં આવેલા ૪૦ તથા વિદેશથી પ્રવાસ કર્યા બાદ પોઝિટિવ આવેલા અન્ય દર્દીના સંપર્કમાં આવેલા કુલ ૩૧૪ દર્દીઓના કોવિડ રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. તેથી હાલ પુરતી તો મુંબઈગરાને રાહત થઈ છે. જો પાલિકા હજી ૧૧ દર્દીના જિનોમ સિક્વેન્સિંગના રિપોર્ટની રાહ જોઈ રહી છે.

'ઓમાઈક્રોન' સંક્રમિત જોખમી અને અન્ય દેશમાંથી ૧૦ નવેમ્બરથી અત્યાર સુધી ૫,૫૧૦ પ્રવાસી મુંબઈમાં આવ્યા છે. આ પ્રવાસીઓને શોધીને આવશ્યકતા મુજબ ક્વોરન્ટાઈન કરીને વોર્ડ રૂમ મારફત તેમના પર નજર રાખવામાં આવી રહી છે. એમાં અમુક લોકોના કોરોનાના ટેસ્ટ કરવામાં આવ્યા હતા, તેમાંથી ૨૦ પ્રવાસીઓને કોરોનાનો ચેપ લાગ્યો હોવાનું જણાઈ આવ્યું હતું. તેમના સંપર્કમાં આવેલા નવ લોકોને

(જુઓ પાનું ૪) ▸▸

સેવન હિલ્સમાં ૨૫૦ બેડની વ્યવસ્થા

મરોલમાં આવેલી સેવન હિલ્સ હૉસ્પિટલમાં 'ઓમાઈક્રોન'ના દર્દી અને શંકાસ્પદ દર્દીઓ માટે ૨૫૦ પલંગ રિઝર્વ રાખવામાં આવ્યા છે. તો બોમ્બે હૉસ્પિટલ અને બ્રીચ કેન્ડી હૉસ્પિટલમાં પણ દસ-દસ બેડની વ્યવસ્થા કરી રાખવામાં આવી છે. હાલ સેવન હિલ્સમાં કોરોનાગ્રસ્ત અને જેમને 'ઓમાઈક્રોન'નો ચેપ લાગ્યો છે, તે બંનેની સારવાર ચાલી રહી છે. ■

રાજ્ય ચૂંટણી પંચે ઓબીસીની ૪૦૦ બેઠકોની ચૂંટણી કરી સ્થગિત

મુંબઈઃ સુપ્રીમ કોર્ટે ઓબીસી આરક્ષણને સ્થગિત કરવાનો નિર્ણય લીધા બાદ હવે રાજ્ય ચૂંટણી પંચે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ઓબીસી શ્રેણી માટે અનામત રાખવામાં આવેલી ૪૦૦ બેઠકો પરની ચૂંટણી સ્થગિત કરી છે. રાજ્યની ૧૦૬ નગરપંચાયતમાં કુલ ૧,૮૦૨ બેઠકો માટે ચૂંટણી થવાની હતી, તેમાંથી આ ૪૦૦ બેઠકની ચૂંટણી સ્થગિત કરવામાં આવી છે.

રાજ્ય સરકારે જાહેરનામું બહાર પાડીને ઓબીસી સમાજને રાજકીય આરક્ષણ આપવાનો નિર્ણય લીધો હતો, પરંતુ આ જાહેરનામું સુપ્રીમ કોર્ટમાં ટકી શક્યું નહોતું. હવે ઓબીસી સમાજને આરક્ષણ આપવા માટે રાજ્ય સરકારે ઓબીસી સમાજનો ઈમ્પેરિકલ ડેટા મેળવવો પડશે. આ આંકડા પંચના માધ્યમથી તૈયાર કરવી પડશે અન ત્યારબાદ ઓબીસી સમાજના રાજકીય આરક્ષણ અંગે નિર્ણય લઈ શકાશે, એમ સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે. ■

ઓબીસીની કેટલી બેઠકો પર ચૂંટણી સ્થગિત?

ભંડારા-ગોંદિયા જિલ્લા પરિષદ - ૨૩ (કુલ બેઠકો ૧૦૫)
ભંડારા-ગોંદિયાની ૧૫ પંચાયત સમિતિ -૪૫ (કુલ બેઠક ૨૧૦)
રાજ્યની ૧૦૬ નગરપંચાયત - ૩૪૪ (કુલ બેઠક ૧,૮૦૨)
મહાનગરપાલિકા પેટાચૂંટણી -૧ (કુલ બેઠક ૪)

મુંબઈ સમાચારની પોઝિટિવ ન્યૂઝની નવી પહેલ

એક દિવસમાં રાજ્યમાં ૧૦૮૭ દર્દી સાજા થયા

મુંબઈમાં ૨૩૫ દર્દી રિકવર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નવા વેરિયન્ટના જોખમ વચ્ચે મુંબઈ સહિત મહારાષ્ટ્ર રાજ્યમાં કોરોનાના નવા કેસમાં ઘટાડાની સાથે નવા રિકવર કેસની સંખ્યામાં સતત બીજે દિવસે વધારો નોંધાયો છે. રાજ્યમાં એક દિવસમાં કોરોનાથી ૧,૦૮૭ તથા મુંબઈમાં ૨૩૫ દર્દી રિકવર થયા હતા, એમ આરોગ્ય વિભાગના અહેવાલમાં જણાવ્યું હતું. રાજ્યમાં મંગળવારે એક જ દિવસમાં કોરોનાથી ૧,૦૮૭ દર્દી રિકવર થયા હતા, તેથી કુલ રિકવર કેસની સંખ્યા ૬૪,૮૮,૬૮૦ થઈ છે. કોરોનાને કારણે ૧૯ દર્દીના મોત થયા હતા. મહારાષ્ટ્ર રાજ્યમાં કોરોનાના ૬૯૯ નવા કેસ નોંધાયા હતા, જેમાં રિકવરી રેટ ૭.૭૨ ટકા તથા ડેથરેટ ૨.૧૨ ટકા નોંધાયો છે. મુંબઈ મહાનગર પાલિકાની હદમાં એક દિવસમાં કોરોનાથી ૨૩૫ દર્દી સાજા થતા કુલ રિકવર કેસની

(જુઓ પાનું ૪) ▸▸

નવાબ મલિકે ઈરાદાપૂર્વક બાંયધરીનો ભંગ કર્યોઃ હાઈ કોર્ટ

મુંબઈઃ અદાલતના આદેશનું અપમાન કરવા બદલ તમારી સામે કેમ કાર્યવાહી ન કરવામાં આવે એવો સવાલ મુંબઈ હાઈ કોર્ટે નવાબ મલિકને કર્યો હતો. એનસીબીના ઝોનલ ડિરેક્ટર સમીર વાનખેડેના પરિવાર દ્વારા દાખલ કરવામાં આવેલી બદનક્ષીના દાવાની સુનાવણી કરતી વખતે મુંબઈ હાઈ કોર્ટે એવી નોંધ કરી હતી કે એવું જણાઈ રહ્યું છે કે સમીર વાનખેડે અને તેમના પરિવારજનો અંગે જાહેર નિવેદનો નહીં કરવામાં આવે એવી જે બાંયધરી નવાબ મલિકે કોર્ટમાં આપી હતી, તેનું તેઓ ઈરાદાપુર્વક ઉલ્લંઘન કરી રહ્યા છે. સમીર વાનખેડેના પિતાજી જ્ઞાનદેવે ફરી એક વખત હાઈકોર્ટના દરવાજા ઠોક્યા હતા. કોર્ટની સમક્ષ સોગંદનામું નોંધાવ્યા છતાં નવાબ મલિક પરિવારની બદનામી કરી રહ્યા હોવાની ફરિયાદ તેમણે કોર્ટમાં કરી હતી. આ પહેલાંની સુનાવણીમાં કોર્ટે નવાબ મલિકને ૯મી ડિસેમ્બર સુધી સમીર વાનખેડે અને તેના પરિવાર અંગે કોઈપણ ટિપ્પણી ન કરવા જણાવ્યું હતું. જસ્ટિસ કાથાવાલા અને જસ્ટિસ જાધવની ખંડપીઠ સમક્ષ આ પિટિશન દાખલ કરવામાં આવી હતી. ગયા અઠવાડિયામાં નવાબ મલિકે ત્રણ વખત પરિવારની બદનામી કરી હોવાનો આરોપ જ્ઞાનદેવે પોતાની પિટિશનમાં કર્યો હતો.

જેને પગલે ખંડપીઠે જણાવ્યું હતું કે મલિક આપેલા

(જુઓ પાનું ૪) ▸▸

મની લોન્ડરિંગ કેસઃ અનિલ દેશમુખના બે મદદનીશના જામીન નકારાયા

મુંબઈઃ મની લોન્ડરિંગ કેસમાં વિશેષ કોર્ટે મંગળવારે મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અનિલ દેશમુખના બે મદદનીશની જામીન અરજી ફગાવી દીધી હતી. એનસીપીના નેતા દેશમુખ આ કેસમાં હાલ જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે (ઇડી) પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ આ કેસ દાખલ કર્યો હતો.

વિશેષ જજ એમ.જી. દેશપાંડેએ દેશમુખના પર્સનલ આસિસ્ટન્ટ કુંદન શિંદે અને પર્સનલ સેક્રેટરી સંજીવ પાલાંડેના જામીન નકાર્યા હતા. ઇડીએ દાવો

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

ડબલ ડોઝ લેનાર જ 'બેસ્ટ'ની બસમાં મુસાફરી કરી શકશે એવો નિયમ ફક્ત કાગળ પર

મુસાફરોની પાયાની જરૂરિયાતો પર નિયંત્રણો લાદવા યોગ્ય નથી

મુંબઇઃ વિશ્વભરમાં કોરોના વાયરસ અને ઓમાઇક્રોન વાયરસના વધતા સંક્રમણ સામે સાવચેતીના પગલા તરીકે રાજ્ય સરકારે જાહેર પરિવહન પર નવા નિયમો જારી કર્યા હતાં. રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા નવા નિયમોમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે જે નાગરિકોએ રસીના બે ડોઝ લીધા હશે, તેમને જ 'બેસ્ટ'ની બસમાં મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવી છે. જો કે આ નિયમના અમલને

(જુઓ પાનું ૪) ▸▸

ENJOY AMBIENCE OF HILLS & RIVERS
THE WHISPERING GALLERY OF NATURE
Silent HILLS RESORT MANOR
ISO 9001:2015 Certified
60Kms from Mumbai on NH 48
Vaitarna River Bridge, Manor, Rooms, Picnic Village, Conference Halls, Mini Amusement Park, Pure Veg Restaurant (Without Swimming Pool & Water Rides)
9967362161, 9890747997, 9769864420

TJM/TTL/21/GUJ

"MUMBAI SAMACHAR" newspaper (Periodicity-Daily) Printed and Published at their press "Mumbai Samachar" by Meherwanji Rustomji Cama at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708. on behalf of the owners The Bombay Samachar Pvt. Ltd. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**